## ખેડૂતોનું કૃષિધામ

# ઉનાળુ બાજરીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ




શ્રી બી. કે. પટેલ    ડૉ. આર. એ. પટેલ    ડૉ. મનીષ વી. પટેલ



:: પ્રકાશક ::

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

ગણપત યુનિવર્સિટી

મહેસાણા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશન, જી. મહેસાણા

ફોન - ફેક્સ : (૦૨૭૬૨) ૨૮૯૧૮૯

ધાન્ય પાકોમાં બાજરી એ ગુજરાતનો અગત્યનો પાક છે. ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર અને પાટણ જીલ્લાઓમાં બાજરીનું વાવેતર થાય છે. ઉનાળુ ઋતુમાં સાનુકુળ વાતાવરણ તથા રોગ-જીવાતનો ઉપદ્‌વ નહીવત હોવાથી ખરીફ ઋતુ કરતાં ઉનાળુ ઋતુમાં બાજરીનું ઉત્પાદન બે ઘણું વધારે મળે છે. પરીણામે ઉનાળુ ઋતુમાં બાજરીના વાવેતરમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ.

**જમીન અને આબોહવા :**

બાજરીના પાકને સામાન્ય રીતે સારા નિતારવાળી રેતાળ, ગોરાડુ મધ્યમકાળી જમીન વધુ અનુકુળ આવે છે. બાજરીના પાકને ગરમ અને મધ્યમ ભેજવાળી આબોહવા વધુ અનુકુળ છે.

**જમીનની તૈયારી અને સેન્દ્રિય ખાતર :**

૬ થી ૭ ગાડી પ્રતિ વિઘે સારું કહોવાયેલું છાણીયું ખાતર જમીનમાં નાખીને ૨ થી ૩ ઉંડી ખેડ કરી ખાતરને જમીનમાં બરાબર ભેળવીને જમીન વાવણીલાયક બનાવવી.

**જાતની પસંદગી :**

વહેલી પાકતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવતી અને ઋતુને અનુરૂપ જાતની પસંદગી કરવી. ઉનાળુ ઋતુ માટે જી.એચ.બી. ૫૨૬, ૫૩૮, ૫૭૭, ૭૧૯, ૭૩૨, ૭૪૪ તથા ૫૫૮ જાતની વાવેતર માટે ભલામણ કરેલ છે.

**વાવેતર સમય :**

ઉનાળુ બાજરીના વાવેતર માટે ઠંડી ઓછી થતાં ૧૫ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ સુધીનો સમય ગાળો વધુ અનુકુળ છે. ઠંડીમાં વાવેતર કરતાં બીજનું અંકુરણ મોડું અને ધીમું થાય છે. જ્યારે મોડું વાવેતર કરતાં પાક થુંલી અવસ્થામાં હોય ત્યારે ચોમાસું શરૂ થતાં પાકને નુકશાન થવાની શકયતા છે.

**બિયારણનો દર :**

ઉનાળુ બાજરીના વાવેતર માટે ૧ કિ.ગ્રા. બિયારણ પ્રતિવિઘા જરૂરિયાત રહે છે.

**વાવણી અંતર :**

૪૫ સે.મી. બે હાર વચ્ચે અને બે છોડ વચ્ચે ૧૦ થી ૧૫ સે.મી. અંતર પારવણીથી જાળવવું. જેથી ૪૩,૦૦૦ થી ૫૦,૦૦૦ તંદુરસ્ત છોડ જાળવી ઉનાળુ બાજરીનું વધુ ઉત્પાદન લઈ શકાય.

**વાવણી પદ્ધતિ :**

ઉનાળુ બાજરીનું વાવેતર પિયતથી ઓરવણ કરી ઓરણીથી બીજ જમીનમાં ચાર સે.મી. ઉંડાઈએ પડે તે રીતે વાવણી કરવી.

**પાયાનું ખાતર :**

ઉત્તર ગુજરાતમાં ઉનાળુ બાજરી માટે ૧૬૦ કિ.ગ્રા. નાઈટ્રોજન તથા ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેક્ટરે આપવું જે પૈકી, ૮૦ કિ.ગ્રા. નાઈટ્રોજન તથા ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેક્ટરે ચાસમાં આપવું. આ માટે પ્રતિ વિઘે ૩૫ કિલો ડીએપી તથા ૩૦ કિલો યુરીયા ચાસમાં આપીને વાવેતર કરવું.

**આંતરખેડ / નિંદામણ / પારવણી :**

પાક ૧૫ થી ૨૦ દિવસનો થયે નિઘલ અવસ્થામાં આવે ત્યાં સુધી જરૂરિયાત મુજબ ૨-૩ આંતરખેડ અને બે વખત હાથ વડે નિંદામણ કરી પાકને નિંદામણ મુક્ત રાખવો. સાથે સાથે બે છોડ વચ્ચેનું અંતર ૧૦ થી ૧૫ સે.મી. નું જળવાઈ રહે તે પ્રમાણે પારવણી કરવી.

**પૂર્તિ ખાતર :**

બાજરીનો પાક ૩૦ દિવસનો થાય એટલે ૮૦ કિ.ગ્રા. નાઈટ્રોજન પ્રતિહેક્ટરે એટલે કે ૪૫ કિ.ગ્રા. યુરીયા પ્રતિવિઘે પૂર્તિખાતર તરીકે પૂરતા ભેજમાં આપવું.

**પિયત :**

ઉનાળુ બાજરીમાં જમીનના પ્રકાર અને સ્થાનિક પરિસ્થિતી અનુસાર ૭ થી ૧૦ દિવસના અંતરે ૮ થી ૧૦ પિયત આપવા. પાકની અંકુરણ અવસ્થા, ફુટની અવસ્થા, ગાભેઆવ્યાની અવસ્થા, થુલીની અવસ્થા, દાણા ભરાવાની અવસ્થા દરમ્યાન પિયત આપવું. પાક જ્યારે થુલી અને દાણા ભરવાની અવસ્થામાં હોય ત્યારે પિયત આપી ભેજયુક્ત ઠંડુ વાતાવરણ રાખવાથી દાણા સારા બેસે છે.

**પાક સંરક્ષણ :**

ઉનાળુ બાજરીના પાકમાં ખાસ રોગ કે જીવાતનો ઉપદ્રવ જણાતો નથી. પણ કુતુલ રોગનો ઉપદ્રવ જણાય તો કુતલ પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવો. બીજને એપ્રોન ૩૫ એસ.ડી. દવાનો પટ ૬ ગ્રામ દવા/કિ.ગ્રા બીજ મુજબ આપવો. આ રોગના નિયંત્રણ માટે ૨૦ ગ્રામ રીડોમીલ એમ ઝેડ ૭૨ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**અંગારીયો :**

બીજને પારાયુક્ત દવાનો પટ આપી વાવેતર કરવું.

**ગુંદરીયો (અરગટ) :**

રોગ મુકત બિયારણનો ઉપયોગ કરવો. બિયારણને ૨૦ ટકા મીઠાના દ્રાવણમાં બોળી, પાણીથી ધોઈ, સુકવી એક કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ દવાનો પટ આપી વાવેતર કરવું. ડુંડા અવસ્થા તથા ફુલ અવસ્થાએ ઝાયરમ ૨ ગ્રામ/લીટર પ્રમાણે પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

**ગેરુ અને પાનનાં ટપકાં :**

ગેરુ અને પાનનાં ટપકાં રોગના અસરકારક નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨.૫ ગ્રામ/લિટર પ્રમાણે પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. ત્યારબાદ ૧૫ દિવસે જરૂરીયાત મુજબ બીજો છંટકાવ કરવો.

**જીવાત :**

**ધૈણ અને ખપેડી :**

બાજરીના ઉગાવા વખતે ખપેડી કે ધૈણનો ઉપદ્રવ જણાયતો મિથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકી ૨૦ કિ.ગ્રા./હેક્ટર પ્રમાણે છંટકાવ કરવો.

**સાંઠાની માખી કે ગાભમારાની ઈયળ :**

આ જીવાતનો ઉપદ્વ જણાયતો એન્ડોસલ્ફાન ૦.૦૭ ટકાના દ્રાવણનો છંટકાવ કરવો અથવા મિથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકી ૨૫ કિ.ગ્રા./હેક્ટર પ્રમાણે છંટકાવ કરવો.

**કાપણી :**

બાજરીના ડુંડાને સાધારણ દબાવતાં દાણા છુટા પડે તો સમજવું કે, પાક કાપણી લાયક થયેલ છે. બાજરીના ડુંડાઓને લણીને ખળામાં સૂર્યપ્રકાશમાં સૂકવી, ત્યારબાદ થ્રેસરથી દાણા છુટા પાડી સાફ કરીને ભેજમુક્ત કરી સંગ્રહ કરવો.

**ઉત્પાદન :**

ઉનાળુ બાજરીમાં દાણાનું અંદાજે ૨૫૦૦-૩૦૦૦ કિ.ગ્રા./હેક્ટર ઉત્પાદન મળે છે. જ્યારે સુકા ઘાસચારાનું ઉત્પાદન ૬૦૦૦-૭૦૦૦ કિ.ગ્રા./હેક્ટર મળે છે.